ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY · GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી** Date : 11th November, 2016

પ્રતિ,

તંત્રી શ્રી,

............................................................................, ભાવનગર.

## સુર્યમાળાના ગ્રહોનો મેળાવડો યોજાયો.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા અવારનવાર બ્રહ્માંડમાં થતી અવનવી ઘટનાઓ નિહાળવા માટેના કાર્યક્રમો છેલ્લા ૧૫ વર્ષથી કરવામાં આવે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ લોકોમાં રહેલ ખગોળ પ્રત્યેની અંધશ્રદ્ધાને દુર કરી આ અનંત બ્રહ્માંડમાં થતી ઘટનાઓ અને તેની સાથે જોડાયેલા વૈજ્ઞાનિક નિયમોને સમજાવવાનો છે.

આવીજ એક ઘટના તા. ૯ ઓક્ટોબર , ૨૦૧૬, બુધવારના રોજ બનવા પામી હતી. આ ઘટનાને જનસમુદાય નિહાળી શકે તે માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સાંજના ૬ વાગ્યાથી ૯ વાગ્યા સુધી ટેલિસ્કોપની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાને આપણી સુર્યમાળાના ગ્રહોનું સ્નેહમિલન કહી શકાય.

આપણી સુર્યમાળામાં રહેલા પૃથ્વી સિવાયનાં અન્ય ગ્રહો ગુરુ, શુક્ર, શનિ, પ્લુટો, મંગળ અને યુરેનસ અનુક્રમે કન્યા અને મીન રાશિમાં જોઈ શકાય હતા. આ ઉપરાંત ટેલીસ્કોપની મદદથી શુક્ર અને મંગળ ગ્રહને લોકોએ નિહાળ્યા હતા. ભાવનગર શહેરના જાણીતા અને ખગોળ વિજ્ઞાનમાં આગવું સ્થાન ધરાવતા પ્રો. સુભાષભાઈ મહેતા દ્વારા આ ઘટના થવાના કારણ સાથે બ્રહમાંડમાં રહેલ ૧૨ રાશીઓ, ૨૪ નક્ષત્રો અને આપણી પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરતા આપણા સૌના ચાંદામામા વિષે ખુબ જ ઊંડાણ પૂર્વકની માહિતી ટેકનોલોજીના સમન્વયથી મોબઈલ એપ્લીકેશનનો ઉપયોગ કરી પૂરી પાડી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનવવા અને ટેલિસ્કોપ સાથે સાથે મોબઈલના ઉપયોગથી લોકો સુધી આ ઘટનાને પહોચાડવા માટે ભાવનગર એસ્ટ્રોનોમી કલબના સભ્યોએ એક ઉમદા કાર્ય કર્યું હતું. ભાવનગર શહેરના ૫૦૦થી વધારે ખગોળ રસિકોએ આ ઘટનાને નિહાળી હતી.

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.